દિવ્ય ભાસ્કર

https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/over-80-thousand-startups-registered-under-stand-up-india-and-start-up-india-more-than-48-percent-women-harsh-sanghvi-130806040.html?_branch_match_id=1089125772999056471&utm_campaign=130806040&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNMPCIlyzy01KHApTwlAc0rDIh4AAAA%3D

# રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ:'સ્ટેન્ડ અપ ઇન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ ઇન્ડિયા' અંતર્ગત 80 હજારથી વધુ સ્ટાર્ટઅપની નોંધણી, 48 ટકાથી વધુ મહિલાઓ: હર્ષ સંઘવી

રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ તેના વાર્ષિક કાર્યક્રમ 'એમ્પ્રેસરિયો'નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનું ઉદઘાટન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સ્ટાર્ટઅપ માટે સાનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરવા નિયમોમાં ફેરફારો પ્રસ્તુત કર્યા છે અને રાજ્ય અને દેશના સ્ટાર્ટઅપ્સનું જોડાણ કરીને આંતરરાજ્ય પ્રાદેશિક કેન્દ્રો ઊભા કર્યા છે. આ વર્ષે સમિટની થીમ ઉદ્યોગસાહસિકતા અને સસ્ટેઇનેબિલિટી રાખવામાં આવી છે.

**'48 ટકાથી વધારે સ્ટાર્ટઅપ મહિલાઓના નામે'**

આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે, ગુજરાત સક્રિય નીતિઓ, મજબૂત સંસ્થાગત માળખા અને ખાનગી ક્ષેત્રની સતત વધતી ભાગીદારી મારફતે દેશમાં સૌથી વધુ પ્રગતિશીલ સ્ટાર્ટઅપ સ્થાનો પૈકીનું એક બનવા અગ્રેસર છે. 'સ્ટેન્ડ અપ ઇન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ ઇન્ડિયા' યોજનાઓ 2016માં શરૂ થઈ હતી અને અત્યાર સુધી 80,000થી વધારે સ્ટાર્ટઅપની નોંધણી થઈ છે તથા આશરે 100 યુનિકોર્ન અસ્તિત્વમાં આવ્યાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 48 ટકાથી વધારે સ્ટાર્ટઅપ મહિલાઓના છે. અમે સરકાર, ઉદ્યોગ અને સંસ્થાઓ વચ્ચે જોડાણ, રાજ્યના અને દેશના સ્ટાર્ટઅપ્સ કેન્દ્રોનું જોડાણ કરીને આંતરરાજ્ય પ્રાદેશિક કેન્દ્રો ઊભા કર્યા છે.

**આંતરપ્રિન્યોર્સને સ્ટાર્ટઅપ એવોર્ડ પણ એનાયત કરાશે**

આગામી 16 અને 17 જાન્યુઆરીએ આંતરપ્રિન્યોરશિપ સમિટમાં ઉદ્યોગજગતના પીઢ આગેવાનો માસ્ટર ક્લાસ લેશે અને સફળ સ્ટાર્ટઅપ સ્થાપકો સાથે સંવાદ કરી

ચર્ચાવિચારણા કરશે. આ સમિટમાં આંતરપ્રિન્યોર્સને સ્ટાર્ટઅપ એવોર્ડ પણ એનાયત કરાશે. આ સમિટમાં બિગ પિચ ઇવેન્ટ પણ સામેલ હશે, જેમાં 30 સ્ટાર્ટઅપ તેમના ઉત્પાદનો અને સેવાઓ 15 રોકાણકારોની પેનલ સમક્ષ રજૂ કરશે, જેનો ઉદ્દેશ તેમની પાસેથી ફંડ મેળવવાનો છે. નોંધપાત્ર બાબત એ છે કે, બે દિવસના ફેસ્ટિવલમાં લોકપ્રિય રિયાલિટી શૉ શાર્ક ટેંક ઇન્ડિયામાં પણ સ્ટાર્ટઅપ્સ સામેલ થશે.

**‘106 સ્ટાર્ટઅપ્સથી 30 કરોડથી વધુ ફંડ ઊભું થયું’**

એમ્પ્રેસરિયો વિશે આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, સંસ્થાની સ્ટાર્ટઅપ સમિટ ભારતમાં સૌથી વધુ વિશિષ્ટ આંતરપ્રિન્યોરિયલ કાર્યક્રમ પૈકીની એક છે. 2012માં એની શરૂઆત થયા પછી અત્યાર સુધી એમ્પ્રેસરિયોમાં 1,000થી વધારે સ્ટાર્ટઅપની ભાગીદારી જોવા મળી છે. આ વિચારનું સર્જન, રોજગારીની તકોનું સર્જન અને અસાધારણ બાબતો શીખવા માટેનો ફેસ્ટિવલ છે.

**અત્યાર સુધી 106 સ્ટાર્ટઅપનું ઇન્ક્યુબેશન કર્યું**

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઇડીઆઇઆઈનું ટેકનોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર – સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઇઝીસએ અત્યાર સુધી 106 સ્ટાર્ટઅપનું ઇન્ક્યુબેશન કર્યું છે, જેણે રૂ. 30 કરોડથી વધારેનું ફંડિંગ ઊભું કર્યું છે. ઇડીઆઇઆઈ હવે અટલ ઇનોવેશન મિશન અંતર્ગત નીતિ આયોગ દ્વારા માન્યતા પ્રાપ્ત વધુ એક ઇન્ક્યુબેશન સેન્ટર ધરાવશે. સંસ્થાએ દેશમાં ઉદ્યોગસાહસિક સાહસો અને સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધારવા કેટલાક કોર્પોરેટ સાથે સીએસઆર પ્રોજેક્ટ સાથે પણ જોડાણ કર્યું છે.